CIMS®
Care Institute of Medical Sciences

# CIMS News
# Care & Cure

Volume-5 | Issue-60 | July 25, 2015


Price : ₹ 5/-

## CIMS HOSPITAL LAUNCHES

# CIMS STEMI

ek call jo zindagi bachaye

08141012222



હૃદય રોગના હુમલાથી બચવા માટેની માર્ગદર્શિકા

CIMS NABH NABL

International Centers of Excellence 2014–2015

**Participant to American College of Cardiology Certified NCDR CATH PCI registry**

CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015




CIMS®
Care Institute of Medical Sciences

# સીમ્સ સ્ટેમી કાર્યક્રમ

**કેટલાક અભ્યાસોમાં દર્શાવવામાં આવ્યું છે કે "હૃદય રોગથી પિડાતા આશરે ૫૦ ટકા દર્દીઓ સમયસર હોસ્પિટલ નહીં પહોંચી શકવાને લીધે મૃત્યુ પામે છે".**




**ચિત્રમાં જેના જવાબ નથી તેવા પ્રશ્નો**

૧. શું આ હૃદય રોગનો હુમલો છે?

૨. કોનો સંપર્ક કરશો?

૩. ક્યાં સારવાર મેળવશે?

૪. શું સારવાર થશે?

૫. કેટલી ઝડપથી સારવાર મળશે?

૬. શું મારી સ્થિતિમાં સુધારો થશે?

### સીમ્સ સ્ટેમી (હૃદયરોગનો હુમલો) પ્રોગ્રામનો ઉદ્દેશ

૧) હૃદય રોગ થવાના સંજોગોમાં ખાસ કેવા પગલા ભરવા તે અંગે સૌને માહિતીગાર અને શિક્ષિત કરવા.

૨) સ્થાનિક સ્ટેમી દર્દીઓને સમયસર જીવન રક્ષક સારવાર આપવી તેમ જ હોસ્પિટલ/ડોકટરનો સંપર્ક કરવો.


૩) એસટી-સેગમેન્ટ એલિવેશન માયોકાર્ડિયલ ઈન્ફાક્શન (સ્ટેમીઃ હૃદય રોગનો હુમલો) અને આઉટ ઓફ હોસ્પિટલ કાર્ડિયક એરેસ્ટ સાથે દર્દીઓની આરોગ્યલક્ષી કાળજી માટે આદર્શ સિસ્ટમને પ્રોત્સાહન આપવું.

૪) હૃદય રોગના દર્દીઓની મૃત્યુ થવાની અને રોગની સ્થિતિને ઘટાડવી તેમ જ સતત કાળજી મારફતે તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરવો.

૫) પ્રમાણિત વૈશ્વિક ધોરણો સ્વીકારી સૌને માટે તબીબી કાળજીની સ્થિતિમાં સુધારો લાવવો તેમ જ સામાજિક આરોગ્ય કાળજી પ્રત્યેની જાગૃતિ તથા ઉન્નતિમાં ટ્રસ્ટશિપનું નિદર્શન કરવું.

**હૃદય રોગના હુમલામાંથી બચવા શક્ય એટલી ઝડપથી તબીબી મદદ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.**
**ગોલ્ડન અવર=પ્રથમ ૬૦ મિનિટ**

# હૃદય રોગની ચેતવણી આપતા સંકેતો




**મહિલાઓમાં ચેતવણીરૂપ સંકેતો**



- ઓચિંતા જ નબળાઈ અનુભવવી, શ્વાસ ટૂંકાવા લાગવા, ચક્કર/વોમિટીંગ થવી, અપચો, થાક, શરીરમાં દુખાવો થવો, અથવા માંદગીનો અહેસાસ થવો (છાતીમાં દુ:ખાવા વગર)
- અસામાન્ય સ્થિતિનો અહેસાસ થવો અથવા પીઠ,છાતી, હાથ, ગળા, અથવા જડબાના ભાગમાં થોડી બેચેની કે બિનઅનુકૂળતાનો અહેસાસ થવો
- ઉંઘમાં ખલેલ પહોંચવી
- ચિંતા

**સાયલન્ટ હૃદય રોગનો હુમલો**

કેટલાક ડાયાબિટીસ અને અમુક દર્દીઓને જો હૃદય રોગનો હુમલો આવે તો તેમને તેનો અનુભવ થતો નથી. આ સંજોગોમાં સારવાર મળતી નથી અને રોગ પકડાતો નથી, ઘણા લોકો તો અસામાન્ય લક્ષણોને ટાળી દેતા હોય છે.

CIMS®
Care Institute of Medical Sciences




CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015

# હૃદય રોગનો હુમલો કોને આવી શકે છે?

| | |
|---|---|
| પુરૂષોમાં ઉંમર | ૪૫ વર્ષ અથવા વધુ |
| મહિલાઓમાં ઉંમર | ૫૫ વર્ષ અથવા વધુ અથવા અકાળે રજોનિવૃત્તિ |
| હૃદયરોગના હુમલાનો પારિવારીક ઈતિહાસ | યુવાવસ્થામાં સીએડી (કોરોનરી આર્ટરી ડિસિસ) |
| તંમ્બાકુ (ધુમ્રપાન અને ચાવવુ) | વધારે પડતો ઉપયોગ, જોખમ વધારે છે |
| લોહીનું ઊંચુ દબાણ | બિનસારવારપામેલ એચબીપીનો લાંબો સમયગાળો જોખમ વધારે છે |
| લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ | કુલ કોલેસ્ટેરોલ ૧૬૦ એમજી/ડીએલ, એચડીએલ કોલેસ્ટેરોલ ૪૦ એમજી/ડીએલ કરતા ઓછું, કોલેસ્ટેરોલ ૧૦૦ એમજી/ડીએલ કરતા વધુ |
| ડાયાબિટીસના દર્દી | લાંબા સમય સુધી ડાયાબિટીસની સારવાર નહીં કરનારમાં ઊંચુ જોખમ ધરાવે છે. |


પ્રિમેચ્યોર સીએડીનો પારીવારિક ઈતિહાસની વ્યાખ્યા : એવા પ્રથમ પુરૂષ નજીકના સંબંધી (દાદા, પિતા અથવા ભાઈ) જે ૫૫ વર્ષની ઉંમર અગાઉ સીએડીને લીધે મૃત્યું પામ્યા હોય અથવા એવી પ્રથમ મહિલા નજીકની સંબંધી (દાદી, માતા અથવા બહેન) જે ૬૫ વર્ષ અગાઉ સીએડીને લીધે મૃત્યું પામેલ હોય.

# હૃદય રોગનો હુમલો અને તેના પ્રકાર


હૃદય સ્નાયુને ઓક્સિજનનો પુરવઠો પૂરો પડતી રક્ત વાહિનીઓ (હૃદયની ધમની)માં ચરબી(છારી) જમા થવાથી તે ફાટી જતા હૃદય રોગનો હુમલો આવે છે.

રક્તવાહિનીની છારીના સ્વરૂપથી લોહી ગંઠાઈ જાય છે, તેને લીધે ધમની અવરોધાય છે.

અવરોધિત ધમની દ્વારા હૃદયના સ્નાયુને ચોક્કસ પ્રમાણમાં જે પુરવઠો પૂરો પાડવામાં આવે છે તે મૃત બને છે, જેને માયોકાર્ડિયલ ઈન્ફ્રાક્શન (એમઆઈ) તરીકે ઓળખવામાં આવે છે (આકૃતિ ૧).



આકૃતિ ૧: હૃદયની અવરોધિત રક્ત વાહિનીઓ




આકૃતિ ૨: સામાન્ય ઈસીજી

**હૃદય રોગના પ્રકારો**

હૃદયરોગના હુમલાની ગંભીરતાને આધારે તેને બે પ્રકારમાં વહેચવામાં આવેલ છે.

**એ) એસટીઈએમઆઈ - STEMI (એસટી-સેગમેન્ટ એલિવેશન માયોકાર્ડિયલ ઈન્ફરેક્શન):**


હૃદયરોગ હુમલાનો આ વધુ ગંભીર પ્રકાર છે, જે લક્ષણમાં ફેરફાર દ્વારા સામાન્ય રીતે ઓળખવામાં આવે છે અને તે એસટી-સેગમેન્ટના ઈસીજી-એલિવેશન પર નિર્માણ પામે છે (આકૃતિ ૩) નુકસાનને લીધે એલિવેટેડ એસટી સેગમેન્ટ હૃદય સ્નાયુનું પ્રમાણ મોટુ થાય છે (કારણ કે હૃદયની ધમની સંપૂર્ણપણે ગંઠાઈ જાય છે).




આકૃતિ ૩:એસટીઈએમઆઈ ઈસીજી

**બી) એનએસટીઈએમઆઈ-NSTEMI (નોન-એસટી-સેગમેન્ટ એલિવેશન માયોકાર્ડિયલ ઈન્ફરેક્શન):**

એસટી સેગમેન્ટ એલિવેશન વગરનું હૃદયરોગ હુમલાનું આ હળવુ સ્વરૂપ છે (આકૃતિ ૪).




આકૃતિ ૪: એનએસટીઈએમઆઈ ઈસીજી

CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015




CIMS®
Care Institute of Medical Sciences

# હૃદયરોગનો હુમલો આવે ત્યારે શું કરવું?




- કાર્ય પ્રવૃત્તિ બંધ કરો અને ઊંઘી જવું.
- સોલ્યુબલ એસ્પિરિનની એક ગોળી લો. તે લોહીને પાતળુ કરવામાં મદદ કરે છે, અને લોહીને ગંઠાતુ અટકાવે છે.
- નાઈટ્રોગ્લિસિરિનની ગોળી તમારી જીભ નીચે મુકો.
- મદદ અને એમ્બ્યુલન્સ માટે કોલ કરો (ડાયલ કરો સીમ્સ ઇમરજન્સી **૦૮૧૪૧૦૧૨૨૨૨**).
- દર્દીને શક્ય એટલી જલ્દીથી સીમ્સ હોસ્પિટલ  જેવી સંશાધનથી સજ્જ હોસ્પિટલ પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવો જોઈએ.

# ગોલ્ડન અવર = પ્રથમ ૬૦ મિનિટ



- સંશોધન દર્શાવે છે કે છાતીમાં દુખાવાની તકલીફ શરૂ થાય તેના પ્રથમ એક કલાકમાં હૃદયરોગના હુમલાથી મોટાભાગના મૃત્યુ થતા હોય છે. પરંતુ, લોહી પુરવઠા વિહિન બનેલ હૃદય સ્નાયુને જો ટૂંકા સમયમાં લોહી આપવામાં આવે તો કોઈ પણ નુકસાન વગર તેમા સંપૂર્ણ સુધારો લાવી શકાય છે.
- અત્યંત મહત્વના પ્રથમ કલાકોમાં હૃદય સંબંધિત દરમિયાનગીરીથી હૃદયના સ્નાયુ તેમ જ દર્દીને મૃત્યુથી બચાવી શકાય છે.
- કાર્ડિયાક કેથેટેરાઈઝેશન લેબોરેટરીથી સુસજ્જ હોસ્પિટલખાતે હૃદયરોગ હુમલાની સારવાર મળી જાય તો ત્યારબાદ જીવનની ગુણવત્તાને વધુ સારી કરી શકાય છે.

**જીવન બચાવવા સારવાર માટે પ્રથમ એક કલાક સોનેરી છે.**

# હોસ્પિટલની અંદર



- હૃદયરોગ હુમલાના દર્દીને ઈન્ટેનસિવ કોરોનરી કેર યુનિટ (આઈસીસીયુ) માં રાખવામાં આવે છે.
- લક્ષણો કે ચિન્હોના ઈતિહાસ, શારીરિક તપાસ, લોહી તપાસ તથા ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ દ્વારા નિદાનની પુષ્ટિ કરવામાં આવે છે.
- એક વખત હૃદયરોગ હુમલાની પુષ્ટિ થઈ જાય એટલે દર્દીને સતત ઈસીજી દેખરેખમાં રાખવામાં આવે છે.
- ઓક્સિજન આપી શકાય છે, જોકે તે હરહંમેશ હોતુ નથી. એસ્પિરિન જેવી દવાઓ લોહી પાતળુ કરવા આપી શકાય છે.ઈન્ટ્રાવેનસ નાઈટ્રોગ્લેસરિન ઈન્ફ્યુઝન શરૂ કરી શકાય છે. તે લોહીના પ્રવાહના ભ્રમણને વધારે છે.
- ગંઠાઈ જતા લોહીને ઓગાળવા સ્ટ્રેપ્ટોકિનસ, યુરોકિનસ અથવા ટીપીએ (ટીસ્યુ પ્લાસ્મિનોજેન એક્ટિવેટર) જેવી દવા આપી શકાય છે.
- સિરિયલ ઈસીજી ટ્રેસિંગ્સ ઈન્ડિકેટ દ્વારા હૃદય રોગને લઈ કેટલી પ્રગતિ થઈ તે જાણવામાં આવે છે.
- ટ્રોપોનિન અથવા કેપીકે એન્ઝીમ જેવા લોહીના પરિક્ષણો હૃદયરોગના નિદાનને પુષ્ટિ આપવામાં મદદરૂપ બને છે.
- સ્થિતિ અંગે વિચાર કરીને તેમ જ તમામ વિકલ્પો મારફતે આગળની સારવાર અંગે નિર્ણય લેવામાં આવે છે.

CIMS®
Care Institute of Medical Sciences





CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015

# સ્ટેમીમાં અવરોધ (બ્લોકેજ)ની સારવાર કેવી રીતે થાય છે?

**હૃદયની અવરોધિત ધમનીને ખોલવા માટે બે સામાન્ય પદ્ધતિ છે:**

**એ) થ્રોમ્બોલિટીક થેરાપી:** સતત દવાઓ આપીને અવરોધિત થયેલ ધમનીમાં ગંઠાયેલ લોહીને ઝડપભેર ઓગાળવામાં આવે છે.વહેલાસર દવા આપવાથી સફળતા મળવાની વધુ સારી તક સર્જાય છે. પ્રથમ ત્રણ કલાકમાં જ શ્રેષ્ઠ પરિણામો મેળવવામાં આવે છે. રક્તસ્રાવએ થ્રોમ્બોલિટીક થેરાપીની આડઅસર છે.


**બી) સ્ટેન્ટીંગ સાથે એન્જિયોપ્લાસ્ટી :** હૃદયની અવરોધીત ધમનીને ખોલવામાં ચોક્કસ એમઆઈ દરમિયાન આ થેરાપી વધુ અસરકારક નિવડે છે.એસટીઈએમઆઈ દર્દીઓ માટે ૯૦ મિનિટ (ડોર ટુ બલૂન ટાઈમ)માં અમેરિકી પ્રેક્ટિક માર્ગદર્શિકા આ સારવાર (રિપર્ફ્યુઝન)ની ભલામણ કરે છે. સીમ્સ હોસ્પિટલ ખાતે, અમે તે સરેરાશ ૫૦ મિનિટની અંદાર સિદ્ધી હાંસલ કરેલ છે.




ડોર ટુ બલુન સમય એટલે દર્દીને હૃદયરોગનો હુમલો આવ્યા પછી હોસ્પિટલમાં પ્રવેશ સમય થી એન્જિયોપ્લાસ્ટી કરવાનો સમય

**Clot-busters :** activase (t-PA), streptokinase, urokinase, anistreplase,tenecteplase

**સી) અન્ય દવાઓ:** તેમાં એસ્પિરિન, હેપરિન, બિટાબ્લોકર્સ, એસીઈ ઈનહેબિટર્સ, સ્ટેટીન્સનો સમાવેશ થાય છે.




**સ્ટેમી દર્દીનું ઉદાહરણ:** સ્ટેમીના દર્દીના હૃદયની આ ફ્લુઓરોસ્કોપી ઈમેજમાં જે ડાર્ક લાઈન્સ જોવા મળે છે તે લોહીથી ભરેલી ધમનીઓને રજૂ કરે છે. આકૃતિ-૧માં બ્લોકેજ દર્શાવે છે, જે હૃદય સરળતાથી લોહીનો પ્રવાહ પૂરો પાડતા અટકાવે છે.આકૃતિ-૨ સ્ટેન્ટ ઈમ્પ્લાન્ટ સાથે દર્દીની સારવાર કરવામાં આવી છે, અને હૃદયની અંદર રહેલ દર્દીની ધમનીઓ મારફતે લોહી મુક્ત રીતે વહી રહ્યું છે.

**ત્વરીતપણે કાર્ય કરવું તે સૌથી મહત્વની બાબત છે**

# હૃદયરોગના હુમલા બાદ તમારી જાત અંગે ત્રણ હકીકતો યાદ રાખો

૧. તમારી પાસે કોરોનરી આર્ટરી ડિસિસ (સીએડી) છે,જે જૂની, પ્રગતિશીલ તબીબી સ્થિતિ છે.

૨. તમારા હૃદયના સ્નાયુના કેટલાક ભાગને નુકસાન થયું છે, અને બાકીના સામાન્ય હૃદય સ્નાયુ સુસ્તતાનું વહન કરવા વધારાનો સમય કામ કરી રહ્યા છે.

૩. હૃદય સ્નાયુ પરના સ્કાર ટીસ્યુને લીધે હાર્ટ આરહાયથમીયાસથી ઓચિંતા મૃત્યુ થવાનું ઊંચુ જોખમ રહેલું છે.

CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015




CIMS
Care Institute of Medical Sciences

# સારવાર માટે સીમ્સ સ્ટેમી પ્રોગ્રામ સમય બચાવે છે



દર્દીને છાતીમાં દુખાવો થાય છે

યોગ્ય સમય
< ૫ મિનિટ





ફોન કરો સીમ્સ સ્ટેમી
**૦૮૧૪૧૦૧૨૨૨૨**



૧૨ લીડ ઈસીજી
સાથે નિદાન




સ્ટેમી નિદાન



હોસ્પિટલ
તબદિલી



**એન્જિયોપ્લાસ્ટીની સુવિધા વગરની હોસ્પિટલ**
ક્લોટ બસ્ટર ડ્રગ્સ (સફળતાનો આંક ૩૦-૬૦ %)

**એન્જિયોપ્લાસ્ટીની સુવિધા વાળી હોસ્પિટલ**
પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી (સફળતાનો આંક ૯૫ %)

Care Institute of Medical Sciences
CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015





# હૃદયરોગના હુમલામાં સુધારાને લગતા પ્રશ્નો અને જવાબો



**હૃદયરોગ હુમલા બાદ મારે કેટલા લાંબા સમય સુધી આરામ કરવાની જરૂર છે?**
હૃદયરોગના હુમલા બાદ આરામ કરવો ખૂબ જરૂરી છે, પરંતુ પુન:સર્જન તથા સામાજિક પ્રસંગોમાં તમારે ભાગ લેવો તેમ જ તમારા દૈનિક જીવનના ભાગરૂપે શારીરિક પ્રવૃત્તિ કરવી પણ એટલી જ મહત્વની છે. હૃદયરોગના દર્દી વધારે પડતો થાક અનુભવે તે અગાઉ આરામ કરવો જોઈએ.



**હું કામ પર ફરી ક્યારે જઈ શકું છું?**
મોટાભાગના હૃદયના દર્દીઓ બે સપ્તાહથી ત્રણ મહિનામાં  કામ પર ફરી પરત ફરી શકે છે,જેનો હૃદયરોગના હુમલાની ગંભીરતા પર આધાર રહેલો છે.



**શું મને હૃદયરોગ હુમલા બાદ લાગણીશીલ ખલેલ થયાનો અહેસાસ થશે**
હૃદયરોગના દર્દીઓને વ્યાપક પ્રમાણમાં લાગણીઓનો અહેસાસ ધરાવે છે, ખાસ કરીને પ્રસંગ બાદ બેથી છ મહિના માટે.
ડિપ્રેશનની સ્થિતિ ડર અને ગુસ્સા સાથે સામાન્ય રહે છે. તેનાથી ઊંઘમાં ખલેલ પડે છે, આહાર,સ્વાભિમાન અથવા આત્મહત્યાના વિચારો અસર કરી શકે છે.
દાખલા તરીકે હરહંમેશ તમને થોડા દુખાવાનો અહેસાસ થાય છે, તમે રોગ ફરી થવાથી મૃત્યુ પામવાનો સતત ડર સતાવે છે.તે સમય પસાર થવા સાથે સ્થિતિ સામાન્ય બને છે.
હૃદયરોગના હુમલા બાદ અસંતોષ સામાન્ય હોય છે. હંમેશા એવું સમજવાનો પ્રયત્ન કરો કે તમારો પરિવાર અને મિત્રો તમારા જેટલા જ ચિંતિત છે.
તમારે તમારા ડોક્ટર તથા તમને સમજી શકે તેવા લોકો સાથે વાત કરતા રહો.



સીપીઆરમાં યાદ રહે તે માટે વિચારો
૧. સીપીઆરનો દર:
ઓછામાં ઓછા ૧૦૦ પ્રતિ મિનિટ
૨. કોમ્પ્રેશનની ઊંડાઈ
ઓછામાં ઓછી ૨ ઈંચ

**હૃદયરોગના હુમલાને પગલે મારા પરિવારની ભૂમિકા શું રહે છે?**
તમારી આરોગ્યની જરૂરિયાતોને લઈ તમારો પરિવાર મદદરૂપ અને સંવેદનશીલ હોવો જોઈએ. આકસ્મિક સ્થિતિનું સંચાલન કરવા અંગે તે સલાહકારક અને સુશિક્ષિત હોવો જોઈએ તેમ જ સીપીઆર (કાર્ડિયોપ્લમનરી રેસુસિશન) જેવી ટેકનીક શીખેલ હોવી જોઈએ.



**હૃદયરોગના હુમલા બાદ છાતીમાં દુખાવો  સામાન્ય બની જાય છે?**
દરેક વ્યક્તિને છાતીમાં દુખાવો થતો નથી, પરંતુ જો તમને છાતીમાં દુખતુ હોય તો તે તમારી છાતીમાં સામાન્ય દુખાવો અથવા દબાણ થાય છે,જે ઝડપથી દૂર થાય છે. તે સામાન્ય રીતે શારીરિક પ્રયત્ન,વધુ લાગણીશીલતા અથવા ભારે આહાર લેતી વખતે અથવા ત્યારબાદ થાય છે.



**કાર્ડિયાક રિહેબિલિટેશન શાં માટે મહત્વ ધરાવે છે?**
રિહેબિલિટેશન પ્રોગ્રામ્સ તમારી જીવનશૈલીની ટેવોમાં ફેરફાર કરવામાં મદદરૂપ બની શકે છે.આ પ્રોગ્રામ્સ રિહેબિલિટેશન ટીમ, નર્સ,ડાયટેશિયન તેમ જ આરોગ્યની કાળજી રાખતા વ્યવસાયિકો સાથે સીઆઈએમએસ હોસ્પિટલ ખાતે હાથ ધરવામાં આવે છે.




**જીવનશૈલીમાં બદલાવનું મહત્વ શા માટે છે?**
હૃદયરોગનો બીજો હુમલો, હૃદયને લગતી બિમારી તથા આઘાતને અટકાવવા તમારી જીવનશૈલીમાં પરિવર્તન લાવવું ખૂબ જ જરૂરી છે. નિવારણની એબીસી નીચે પ્રમાણે છે:

- **તંમ્બાકુને ટાળો:** હૃદયરોગના હુમલા બાદ જો તમે ધુમ્રપાન કરતા હોય તો હૃદયરોગનો બીજો હુમલો આવવાની આશંકા રહેલી છે.
- **વધુ સક્રીય બનો:** નિયમિત વ્યાયામથી માનસિક અને શારીરિક દબાણ હળવુ બનશે, વજન પર નિયંત્રણ આવશે અને લોહીનું દબાણ તથા કોલેસ્ટેરોલના સ્તરમાં ઘટાડો થશે.
- **સારા પોષણની પસંદગી કરો:** સારા પોષણથી વજનને નિયંત્રણ કરવામાં, નીચા લોહી દબાણ તેમ જ કોલેસ્ટોરોલ સ્તરોને નિયંત્રણમાં લાવવા તેમ જ તમારા શરીરીની સ્થિતિને ઝડપી સુધારવા મદદરૂપ બનશે.

પ્રિસ્ક્રીપ્શન મેડિકેશન મેળવતા હોય તો તે હૃદયના આરોગ્યની જીવનશૈલી માટે અત્યંત મહત્વ ધરાવે છે.





**હૃદયરોગના હુમલા બાદ જાતિય સુખની સ્થિતિ રહે છે?**
હૃદયરોગના હુમલા બાદ આરોગ્યની સ્થિતિમાં સુધારો થયા બાદ મોટાભાગના લોકો તેમની જાતિય પ્રવૃત્તિને અગાઉની માફક જાળવી રાખી શકે છે. તમારા ડોક્ટરની સાથે વાત કરો. તમને જાતિય સુખ વખતે અથવા ત્યારબાદ દુખાવો થવાની સ્થિતિમાં નાઈટ્રોગ્લીસિરીનની ભલામણ કરી શકાય છે.

**તબીબી વ્યવસાયિકો, પરિવાર અને મિત્રોની ટીમના વિશ્વસનીય ટેકાથી આરોગ્યમાં ઝડપથી સુધારો થાય છે**

CIMS News
Care & Cure
Volume-5 | Issue-60 | July 25, 2015




CIMS®
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2014 valid upto 31st December, 2016**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

**સ્ટેમી હાલની થેરાપિઝ સાથે સારવારની જરૂરિયાતને પ્રોત્સાહન આપતી સમયની દ્રષ્ટિએ અત્યંત મહત્વની ઇમર્જન્સી છે. ઈષ્ટત્તમ સમયના માળખામાં જે દર્દીઓને સારવાર ન મળે તેમને સ્ટેમી સાથે નિદાન કરવામાં આવે છે અને બચાવવામાં આવે છે, જે હોસ્પિટલ લઈ જતી વખતે લાંબા ગાળાની અક્ષમતાનો અનુભવ કરી શકે છે અને જીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે.**







CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

**સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.**
**એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧–૭૯–૩૦૧૦૧૦૦૮/૧૨૦૦ (મો) +૯૧–૯૮૨૫૦ ૬૬૬૬૧**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**